**ધી અર્બન હેલ્થ સોસાયટી, વડોદરા**
**એન.એચ.એમ પ્રોગ્રામ**
**વડોદરા મહાનગરપાલિકા**
**ભરતી અંગેની જાહેરાત**

વડોદરા મહાનગરપાલિકામાં રાષ્ટ્રીય આરોગ્ય મીશન પ્રોગ્રામ અંતર્ગત શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ખાતે ૧૧ માસના કરાર આધારીત તદ્દન હંગામી ધોરણે નીચે જણાવેલ જગ્યાએ ભરતી કરવા માટે માત્ર ઓનલાઇન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવારે www.vmc.gov.in વેબસાઇટ પર **તા.-૨૨/૦૯/૨૦૨૩ (૧૩.૦૧ કલાક) થી તા. ૦૬/૧૦/૨૦૨૩ (૨૩.૫૯ કલાક)** સુધીમાં ઓનલાઇન અરજીઓ કરવાની રહેશે.

| અ.નં. | જગાનું નામ | જગાની સંખ્યા |
|---|---|---|
| ૧ | સ્ટાફ નર્સ/બ્રધર્સ | ૨૧ |
| ૨ | મીડવાઇફરી (NPM) | ૬ |
| ૩ | પબ્લીક હેલ્થ મેનેજર | ૧ |
| ૪ | સિનિયર ડીઆર ટીબી ટીબી-એચઆઇવી સુપરવાઇઝર (NTEP) | ૧ |
| ૫ | ટી.બી.એચ.વી- NTEP પ્રોગ્રામ | ૧ |

(૧) કોઇપણ સંજોગોમાં ટપાલ કે રૂબરૂ અરજી સ્વીકારવામાં આવશે નહી. ફક્ત ઓનલાઇન જ અરજી કરવાની રહેશે. (૨) આ જગ્યાઓની શૈક્ષણિક લાયકાત, પગાર ધોરણ તેમજ અન્ય માહિતિઓ વડોદરા મહાનગરપાલિકાની વેબસાઇટ www.vmc.gov.in પરથી મેળવવાની રહેશે.

**નોંધઃ- ઉપરોક્ત જગા ઉપરાંત ભવિષ્યમાં ખાલી પડનાર કે નવી મંજુર જગા ભરવા માટે ઉપર મુજબની કેડર ઉપરાંત બીજી અન્ય કેડર માટે પણ ૨ વર્ષ સુધીની પ્રતિક્ષા યાદી તૈયાર કરવામાં આવશે.**

**ચેરમેન**
**એક્ઝક્યુટીવ કમીટી**
**અને ડે.મ્યુનિસિપલ કમિશનર**
**વડોદરા મહાનગરપાલિકા**

**પી.આર.ઓ. નં ૮૩૦/૨૩-૨૪**

**ધી અર્બન હેલ્થ સોસાયટી, વડોદરા**
**એન.એચ.એમ પ્રોગ્રામ**
**વડોદરા મહાનગરપાલિકા**

# સીધી ભરતી માટેની જાહેરાત
# (જાહેરાત ક્રમાંકઃ ૮૩૦/૨૦૨૩-૨૪)

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | શૈક્ષણીક લાયકાત | ફિક્સ પગાર (પ્રતિ માસ) |
|---|---|---|---|---|
| ૧ | સ્ટાફ નર્સ/બ્રધર્સ | ૨૧ | (૧) ઇન્ડિયન નર્સિંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થામાંથી BSC(Nursing)નો કોર્સ, અથવા ઇન્ડિયન નર્સિંગ કાઉન્સીલ દ્વારા માન્ય સંસ્થામાંથી જનરલ નર્સિંગ ડિપ્લોમા અને મિડવાઇફરી નો કોર્સ.<br>(૨) **ગુજરાત નર્સિંગ કાઉન્સિલમાં રજીસ્ટ્રેશન** કરેલ હોવુ જરૂરી છે.<br>(3) બેઝીક કોમ્પ્યુટર નો સર્ટિફિકેટ કોર્સ કરેલ હોવો જરૂરી છે. | ૧૩૦૦૦/- |
| ૨ | મીડવાઇફરી (NPM) | ૬ | (૧) ઇન્ડીયન નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્ય સંસ્થામાંથી બેસિક બીએસસી કે પોસ્ટ બેસિક બીએસસી(નર્સિંગ)ની ડીગ્રી **અથવા** ઇન્ડીયન નર્સિંગ કાઉન્સિલ કે ગુજરાત નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્ય સંસ્થામાંથી જનરલ નર્સિંગ અને મીડવાઇફરી નો ડીપ્લોમા કોર્સ **અને**<br>(૨) ઇન્ડીયન નર્સિંગ કાઉન્સિલ દ્વારા માન્ય સંસ્થામાંથી નર્સ પ્રેક્ટીશનર મીડવાઇફરી નો પોસ્ટ બેઝીક ડીપ્લોમા કોર્સ- **ફરજીયાત**<br>(3) માન્ય સંસ્થામાંથી કરેલ કોમ્યુટરનો કોર્સ | ૩૦૦૦૦/-<br>+ઇન્સેન્ટીવ |
| ૩ | પબ્લીક હેલ્થ મેનેજર | ૧ | ૧. પબ્લીક હેલ્થમાં અનુસ્નાતક/હેલ્થ મેનેજમેન્ટમાં અનુસ્નાતક**/MBBS /BAMS /BHMS**<br>૨. સરકારી**/NGO** સંસ્થામાં નેશનલ હેલ્થ પ્રોગ્રામના અનુભવી ઉમેદવારને પ્રાધાન્ય<br>(3) અંગ્રેજી તથા કોમ્પ્યુટરનું જ્ઞાન અનિવાર્ય | ૨૫૦૦૦/- |
| ૪ | સિનિયર ડીઆર ટીબી ટીબી-એચઆઇવી સુપરવાઇઝર (NTEP) | ૧ | ૧. કોઇ પણ વિધાશાખામાંથી સ્નાતક<br>૨. કોમ્પ્યુટરનો સર્ટિફિકેટ કોર્સ<br>૩. ટુ વ્હીલર ચલાવતા આવડવુ જોઇએ અને કાયમી ટુ વ્હીલર લાયસન્સ હોવુ જોઇયે.<br>૪. **NTEP**મા ઓછામા ઓછો ૨ વર્ષનો અનુભવ અથવા કોઇ પણ પબ્લીક હેલ્થ પ્રોગ્રામમાં સુપરવાઇઝર તરીકેનો ઓછામા ઓછો ૫ | ૨૦૦૦૦/- |

| | | | | |
|---|---|---|---|---|
| | | | વર્ષનો અનુભવ<br>૫. સ્થાનિક ભાષાના જાણકાર અને સ્થાનિક વિસ્તારમા કામગીરી કરવા સક્ષમ | |
| ૫ | ટી.બી.એચ.વી- NTEP પ્રોગ્રામ | ૧ | (૧) સ્નાતક અથવા (૨) ઇન્ટરમીડીએટ (૧૦+૨) અને MPW/LHV/ANM હેલ્થ વર્કરની કામગીરીનો અનુભવ અથવા આરોગ્યનો ઉચ્ચતર સર્ટીફિકેટ કોર્ષ/સલાહકાર અથવા (૩) ટીબીએચવી નો માન્ય સંસ્થામાંથી કરેલ કોર્ષ (૪) કોમ્પ્યુટરનો સર્ટિફિકેટ કોર્ષ (ઓછામાં ઓછો ૨ માસનો)<br>**વિશેષ લાયકાત :** MPWનો ટ્રૈનીંગ કોર્ષ અથવા સેનેટરી ઇન્સ્પેકટર નો કોર્ષ | ૧૩૦૦૦/- |

## જાહેરાતની સામાન્ય જોગવાઇઓ:

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. રસ ધરાવતા ઉમેદવારોએ તા. ૨૨/૦૯/૨૦૨૩ (૧૩-૦૧ કલાક) થી તા. ૦૬/૧૦/૨૦૨૩(૨૩-૫૯ કલાક) દરમ્યાન www.vmc.gov.in વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ www.vmc.gov.in ઉપરથી વાંચી લેવાની રહેશે.
3. **શૈક્ષણિક માહીતી:** દરેક પોસ્ટ માટેની શૈક્ષણિક માહીતી જો સામેલ **education qualification details** મા ના હોય તો **OTHER1** અને કોમ્પુટર કોર્ષ ની માહીતી **OTHER2** માં ભરવી.
4. **વયમર્યાદા:**
   જગા નં ૧ અને ૪ માટે – ૪૫ વર્ષ થી વધુ તેમજ નિવૃત ઉમેદવાર અરજી કરી શકશે નહીં .
   જગા નં ૨, ૩ અને ૫ માટે – ૫૮ વર્ષ થી વધુ તેમજ નિવૃત ઉમેદવાર અરજી કરી શકશે નહીં .
   અરજી સ્વીકારવાની છેલ્લી તારીખને ધ્યાને લઇને ઉંમર ગણવામાં આવશે.
5. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.
6. ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ **CCC+/CCC** લેવલનો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ.
7. ભરતી પ્રક્રિયા દરમ્યાન જો કોઇ ઉમેદવાર દ્વારા સીધી અથવા આડકતરી રીતે રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.
8. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.
9. આ જાહેરાત અન્વયેની ભરતી અંગે લેખિત પરિક્ષા/મૌખિક ઇન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગર પાલિકા ના સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવશે.
10. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૌખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઇપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર થશે નહીં.
11. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરા ને રહેશે.
12. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે **www.vmc.gov.in** વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

તા. ૨૨/૦૯/૨૦૨૩

.